**તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૫૫ ટકા


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૭૭ | ૭ સપ્ટેમ્બર, ૨૦૧૫, સોમવાર ; શ્રાવણ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- ઓઆરઓપી : ભાજપ સરકારના નિર્ણયનું પૂર્વ જવાનો દ્વારા સ્વાગત
- મોદી સરકાર સંઘના ઇશારે ચાલે છે : માયાનો આરોપ
- શેરબજાર : બાઉન્સ બેકની સ્થિતિ જોવા મળે તેવા સંકેત
- ઇ-કોમર્સ ઇન્ડસ્ટ્રીનું કદ અનેકગણું વધે તેવા સંકેત
- ઉત્તરાખંડ : વેધર વોર્નિંગ શ્રદ્ધાળુઓને એલર્ટ કરશે
- દિગ્વિજયે ટીવી પત્રકાર અમૃતા સાથે લગ્ન કર્યા
- જીએસટી અંગે સહકાર કરવા માટે વિપક્ષાનો રાજનાથનું સૂચન
- ટેસ્ટ ક્રિકેટમાંથી ખેલાડી શેન વોટસનની એકાએક નિવૃત્તિ
- યુએસ ઓપનમાં ફેડરરની જીત પણ નડાલ આઉટ થયો



મેળામાં માનવ મહેરામણ - પંચદેવના પ્રાંગણમાં જન્માષ્ટમી પર્વે યોજાયેલ લોકમેળામાં ભાવિકોનું ઘોડાપુર ઉમટ્યું હતું... પ્રસિદ્ધ લોકમેળામાં ગાંધીનગર આસપાસના ગ્રામજનો હજ્જારોની સંખ્યામાં મેળો માણવા અને પંચદેવના દર્શન કરવા ઉમટ્યા હતા. ગાંધીનગર શહેરમાં યોજાતા અનેક પર્વો અને પ્રસંગોમાં જન્માષ્ટમી અને મહાશીવરાત્રીના લોકમેળાનો મહિમા મોટો છે... શહેરી અને ગ્રામીણ ભાવિકો એકસાથે સાંસ્કૃતિક પર્વને માણે છે... સૌ સાથે મળી જયઘોષ કરે છે - હાથી ઘોડા પાલખી, જય કનૈયાલાલ કી...'

# વન રેંક વન પેન્શનની વિધિવત જાહેરાત



### મજબૂરીથી સેના છોડનારને પણ વન રેંક વન પેન્શનનો લાભ મળશે : વન રેંક વન પેન્શન અંગેની તમામ ગુંચવણો વડાપ્રધાને દૂર કરી : છેલ્લા ૪૨ વર્ષથી અટવાઈ પડેલા કામને સરકારે પૂર્ણ કરી લીધું વીઆરએસ લેનારને લાભ થશે : ૮થી ૧૦ હજાર કરોડનો જંગી ખર્ચ થશે : નરેન્દ્ર મોદી

નવીદિલ્હી,તા. ૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અતિમહત્વપૂર્ણ જાહેરાત કરતા ભારતના પૂર્વ સૈનિકોમાં ફેલાઈ રહેલી તમામ શંકાઓ પણ દૂર થઈ હતી. વડાપ્રધાને વન રેંક વન પેંશનને લઈને થયેલી દુવિધાને દૂર કરતા કહ્યું હતું કે, વહેલી તકે નિવૃત્ત થયેલા જવાનોને પણ ઓઆરઓપીના તમામ લાભ મળશે. સશસ્ત્ર દળના જવાનોના હિતોનું રક્ષણ કરવા માટે સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે. કોંગ્રેસ ઉપર તેજાબી પ્રહારો કરતા વડાપ્રધાને કહ્યું હતું કે, આ પાર્ટીને ઓઆરઓપીના મુદ્દા ઉપર સરકાર સામે પ્રશ્ન કરવાનો કોઈપણ અધિકાર નથી. છેલ્લા ૪૦ વર્ષથી કોઈકામ ન કરનાર પાર્ટી આ પ્રકારના પ્રશ્નો કરે તે બિલકુલ હાસ્યાસ્પદ દેખાઈ છે.

મોદીએ કહ્યું હતું કે, કેટલાક લોકો ઓઆરઓપીના મુદ્દા ઉપર સશસ્ત્ર દળોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ કરી રહ્યા હતા. રાજકીય લાભ ઉઠાવવાના પ્રયાસ પણ કરી રહ્યા હતા. ફરિદાબાદ રેલીમાં મોદીએ કહ્યું હતું કે, અમારી સરકાર ચૂંટાઈ આવ્યા બાદથી જ અમારો એકમાત્ર હેતુ વિકાસનો રહ્યો છે. મોદીએ આજની જાહેરાત કરીને છેલ્લા બે ત્રણ દિવસથી પ્રવર્તી રહેલી ગુંચવણનો અંત આણી દીધો હતો. તેમણે કહ્યું હતું કે, ૪૨ વર્ષથી આ મામલો અટવાયેલો હતો. કોઈ સરકારે વન રેંક વન પેન્શનનો ઉકેલ લાવવાની હિંમત કરી ન હતી. તેમના માટે સૈનિકોના સમ્માનની બાબત સૌથી સર્વોચ્ચ છે.








